# ન્યૂહેમ બેનિફિટ્સ સર્વિસી’ઝ

# મૅગ્નિ’ફિસન્ટ્ સેવન!

જો તમે નીચે જણાવવામાં આવેલી સાત વસ્તુઓ આપશો તો અમે વચન આપીએ છીએ કે તમારો બેનિફિટ ક્લેઇમ પર બને તેમ ઓછા સમયમાં  કામ કરીશું.

1. **સંપૂર્ણ ભરેલું અને સહી કરેલું તમારૂ ફોર્મ,** તેનો અર્થ એ થયો કે તમારે દરેક - શ્નનો જવાબ ભરવો પડશે.

2. **તમારી અને જો તમારે સાથી (પાર્ટનર) હોય તો, તેની ઓળખ માટેની સાબિતી.**

3. **તમારો અને જો તમારે પાર્ટનર હો ય,તો  તેનો નેશનલ ઈન્સ્યોરન્સ નંબરની સાબિતી.**

4. **તમારી અને જો  તમારે પાર્ટનર હોય, તો તેની આવકની સાબિતી**

5. **તમારી સાથે રહેતા કોઇપણ વ્યક્તિઓની આવકની સાબિતી (જેમાં તમારા બાળકો અથવા તો  દાખલા તરીકે પુખ્તવયનો દિકરો અથવા દિકરી અથવા સગાં-સંબંધી અથવા મિત્ર).**

6. **તમારી પાસે, તમારા પાર્ટનર અથવા તમારા બાળકો પાસે કોઇ બેંક અથવા બિલ્ડીંગ સોસાયટીના કરન્ટ એકાઉન્ટમાં બચત, રોકેલા પૈસા, સ્ટોક અને શેર, મિલ્કત અથવા કોઇ મૂડી હોય.**

7. **જો તમે ખાનગી ઘરધણીને  અથવા તો હાઉઝિંગ એસોસિએશનને ભાડુ આપતા હોવ તો તમારા ભાડાની સાબિતી.**

મહેરબાની કરીને તમે જે કંઇ દસ્તાવેજો સાબિતીરૂપે આપો  તે અસલી હોવા જોઇએ.  જેનો અર્થ એ થયો કે અમે ફોટોકોપીઓ સ્વીકારતા નથી.  હાલમાં તમારી પાસે સાબિતી માટેના બધા કાગળો ન હોય તો, પણ તમારો ક્લેઇમ મોકલવામાં મોડું કરશો નહિ.  સાબિતીના કાગળો પછીથી 4 અઠવાડિયાની અંદર મોકલી શકશો.

***શું તમારા મૅગ્નિ’ફિસન્ટ્ સેવન! ને તમે ભેગા કર્યા ?***

મહેરબાની કરીને માહિતી માટે પાછળના પાના ઉપર જુઓ કે અમે સાબિતી માટે કેવા કાગળોને સાબિતી માટે સ્વીકારીએ છીએ.

**Housing & Council Tax Benefits**



**Newham - a place where people choose to live**

Newham

WORKING FOR YOU

# અમે કેવી સાબિતીને સ્વીકારીએ  છીએ

## ઓળખ માટેની સાબિતી માટે નીચે જણાવેલામાંથી કોઇ એક:

- જન્મનું - માણપત્ર (બર્થ સર્ટિફિકેટ), લગ્નનું સર્ટિફિકેટ અથવા છૂટાછેડાનું  સર્ટિફિકેટ, અલગ થવું અથવા રદ કરેલા તમારા વર્તમાન નામના કાગળો (એનલમેન્ટ પેપર્સ)
- ચાલુ પાસપોર્ટ અને તેની મુદ્દત અથવા રાષ્ટ્રીય સનાખ કાર્ડ (નેશનલ આઇડન્ટીટી કાર્ડ)
- તમારા નામનું ટીવી લાયસન્સ
- બેનિફિટ એજન્સીની ઓર્ડર બુક, મેડિકલ કાર્ડ
- તમારા છેલ્લા ત્રણ મહિનાનું ગેસનું બિલ, લાઇટનું બિલ, ફોનનું બિલ અથવા પાણીનું બિલ, પરંતુ મોબાઇલ ફોનનું બિલ નહિ.
- ફૂલ અથવા -ોવિઝનલ ડ્રાઇવિંગ લાઇસન્સ(ફોટાવાળું કાર્ડ અથવા કાગળો)
- ચેક કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ
- એચ એમ ફોર્સ અથવા મર્ચન્ટ નેવીમાં કામ કરવાનું સર્ટિફિકેટ
- વકીલનો અથવા સોશિયલ વર્કર અથવા -ોબેસન ઓફિસરનો  લખેલો કાગળ
- હોમ ઓફિસનો સ્ટાન્ડર્ડ એકનોલેજમેન્ટ લેટર (SAL1 or 2)
- રહેવા માટેની પરમિટ અથવા અલાઇન્સ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અથવા ઇમીગ્રેશન અને નેશનલિટી ડાયેરકટોરેટ ટ્રાવેલના કાગળો

## તમારા નેશનલ ઇન્સ્યોરન્સ નંબરની (NINO) સાબિતીમાં નીચેનામાંથી કોઇ એક :

- પી 45 અથવા પી 60
- ઇન્લેન્ડ રેવન્યુનો ટેકસ બારામાં લખેલો કાગળ
- બેનિફિટ એજન્સીની ઓર્ડર બુક જેમાં નેશનલ ઇન્સ્યૂરન્સ નંબરને સામેલ કરેલ હોય, દાખલા તરીકે નિવૃત્તિનું પેન્શન અથવા ઇન્કમ સપોર્ટ
- બેંકનું સ્ટેટમેન્ટ જેમાં બતાવવામાં આવ્યુ હોય કે કલાસ 2 નો નેશનલ ક્ન્ટ્રીબ્યૂશન સીધો ડાયરેક્ટ ડેબિટ દ્વારા આપો છો અથવા તમે ઇન્કમ સપોર્ટ અથવા જોબ સર્કિસ અલાઉન્સ મળતી હોય
- પગારની સ્લીપ અથવા પગારનું સ્ટેટમેન્ટ અથવા કામેથી પેન્સનનું સ્ટેટમેન્ટ જેમાં નેશનલ ઇન્સ્યૂરન્સ નંબરને બતાવવામાં આવેલ હોય.
- બેનિફિટ એજન્સીએ તમને મોકલેલો પત્ર જે (હાથેથી લખેલો નહિ)
- નેશનલ ઇન્સ્યૂરન્સ નંબરનું કાર્ડ (હાથેથી લખેલો નહિ)

## આવક અને મૂડીની સાબિતીમાં નીચેનામાંથી કોઇએક:

- પે સ્લીપ( છેલ્લા 5 અઠવાડિયાની અથવા છેલ્લા 2 મહિનાની પે સ્લીપ- જેમાં કોઇ અંતર ન હોય)
- જો તમે સ્વરોજગાર હોવ તો, ગયા વરસનો (ટ્રેડિંગએકાઉન્ટ) વેપારનો હિસાબ. જો તમે વેપાર એક વરસથી ઓછો કર્યો હોય તો, તેના માટે અમને જોઇતી માહિતી વિશે વિગતવાર કાગળ લખીશું.
- બેનિફિટ એજન્સીની ઓર્ડર બુક
- ઇન્કમ સપોર્ટ અથવા જોબ સિકર્સ  અલાવન્સ વિશે કરેલા નિર્ણયનો કાગળ
- બેંક અથવા બિલ્ડીંગ સોસાયટી અથવા પોસ્ટ ઓફિસના એકાઉન્ટની પાસ બુક અથવા સ્ટેટમેન્ટ (દરેક એકાઉન્ટના છેલ્લા 2 સ્ટેટમેન્ટ)
- શેર સર્ટિફિકેટ અથવા સ્ટોક અને શેર અથવા બોન્ડના ડિવિડન્ટના સ્ટેટમેન્ટ

## ભાડાની  સાબિતી માટે નીચેનામાંથી કોઇએક:

- મકાન માલિકનું  પૂરૂ નામ અથવા બિઝનેસ અથવા ઘરનું સરનામું
- પૂરૂ નામ અને કોઇપણ વેપારના એજન્ટનું સરનામું
- એગ્રીમેન્ટ શરૂ કર્યાની તારીખ
- અત્યારે ભાડું ભરતાં હોવ તે ભાડાની રકમ
- ભાડામાં શું આવી જાય છે. દા.ત. હિટીંગ, લાઇટ, સફાઇ, પાણી વેરો, જમવાનું, અંગત કાળજી, સામાન્ય કાઉનસેલીંગ અને મદદ
- ભાડું ભરવાની મર્યાદા દાખલા તરીકે અઠવાડિયે, માસિક, ચાર અઠવાડિયે

**આ બધા નમૂનાઓ છે, પૂરૂ લિસ્ટ નથી. મહેરબાની કરીને તમારી બધી આવક અને મૂડીની સાબિતી આપો.**